# વિષય - પર્યાવરણ   ૨૨. પટોળાં

❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧.વારસાગત રીતે મળેલ વિવિધ કૌશલ્યો જેવાં કે ખેતી, બાંધકામ, કલા, અને હસ્તઉદ્યોગ વગેરેની તાલીમમાં સંસ્થાઓની દૈનિક જીવનમાં ભૂમિકા વર્ણવે.

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) પટોળાં બનાવવાનું કામ કયા પરિવારના લાકો કરે છે ?........................................................

(અ) કચ્છી (બ) કાશ્મીરી (ક) મારવાડી (ડ) સાળવી

(૨) ગુજરાતમાં કયા શહેરમાં પટોળાં બનાવવામાં આવે છે ?..................................................

(અ) પાટણ (બ) સૂરત (ક) જેતપુર (ડ) મોરબી

(૩) પટોળાં માટે નીચેના પૈકી શું સાચુ નથી ?...........................................................

(અ) પટોળાં બનાવવા મલબારી શિલ્કમાંથી રેશમના તાર બનાવવામાં આવે છે.

(બ) પટોળાં ના તાર અને વાણાં પાકા રંગોથી રંગાયેલા હોય છે.

(ક) પટોળાં બનાવતાં પાંચ થી છ દિવસ લાગે છે.

(ડ) મલબારી શિલ્કના તાર મોંઘા હોવાથી પટોળાં ખૂબ ઊંચી કિમંતે વેચાય છે.

(૪) પટોળાં બનાવવા માટેના તાર શામાંથી મેળવવામાં આવે છે?.......................................................

(અ) કપાસ (બ) દેશી કોશેટા (ક) મલબારી કોશેટા (ડ) શણ

(૫) પાટણની કઇ પ્રખ્યાત વાવના શિલ્પકામમાં પટોળાંની ભાત કંડારેલી છે ?.......................................

(અ) અડાજણની વાવ (બ) મીનળદેવીની વાવ (ક) રાણીની વાવ (ડ) વણઝારી વાવ

(૬) પટોળાં બનાવતાં કેટલો સમય લાગે છે ?.........................................................................

(અ) ચાર થી છ માસ (બ) ચાર થી છ દિવસ (ક) એક - બે મહિના (ડ) એક સપ્તાહ

(૭) પટોળાં બનાવવા માટે તાણાં અને વાણાં પર શું કરવામાં આવે છે ?..........................................

(અ) ડિઝાઇન અને ભરતકામ (બ) ભરતકામ અને રંગકામ

(ક) છાપકામ અને ભરતકામ (ડ) ડિઝાઇન અને રંગકામ

(૮) પટોળાં બનાવવા માટે વપરાતાં મલબારી શિલ્કના તાર કયા રંગના હોય છે ?...............................

(અ) લાલ (બ) સફેદ (ક) પીળા (ડ) રંગબેરંગી

**પ્રશ્ન-૨. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) "પટોળાં હાઉસ" નું નિર્માણ શા માટે કરવામાં આવ્યું છે ?.........................................................

....................................................................................................................

....................................................................................................................

(૨) તાણાં અને વાણાં એટલે શું ?...................................................................................

....................................................................................................................

(૩) પાટણના પટોળાં પરથી ગુજરાતમાં કઇ કહેવત પડી છે ?..............................................

....................................................................................................................

(૪) પટોળાં ખૂબ ઊંચી કિમંતે કેમ વેચાય છે ?..........................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

(૫) પટોળાં બનાવવા માટેની રીતનું વર્ણન કરો..........................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

(૬) આપણે પટોળાં બનાવતાં કસબીઓને મદદ શા માટે કરવી જોઇએ ?.............................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

(૭) પટોળાં ની બનાવટમાં બાંધણીકામ એટલે શું ?........................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

## પ્રશ્ન-૩. બંધબેસતાં જોડકા જોડો.

| વિભાગ _ અ | વિભાગ - બ |
|---|---|
| (૧) થાનગઢ - | (અ) શાલ |
| (૨) પાટણ - | (બ) બાંધણી |
| (૩) જેતપુર - | (ક) પટોળાં |
| (૪) કુલુ - | (ડ) માટીકામ |
| (૫) કચ્છ - | (ઇ) શિલ્ક |
| (૬) આસામ - | (ઉ) ભરતકામ |

## પ્રશ્ન- ૪. ખાલી જગ્યા પૂરો.

(૧) પાટણનાં સાળવી પરિવાર દ્વારા કરવામાં આવતું ખાસ પ્રકારનું વણાટકામ ............................... તરીકે ઓળખાય છે.

(૨) ગુજરાતનાં કવિઓએ ...............................માં પટોળાંની કલાને મન મૂકીને વર્ણવી છે.

(૩) પ્રાચીન સમયથી પટોળાં બનાવવાની હસ્તકારીગરી સાથે ................ જેટલાં પરિવારો સંકળાયેલા છે.

(૪) પટોળાં .............................. પર બનાવવામાં આવે છે.

(૫) પાટણનાં ................................. માં સાળવી પરિવારના લોકો રહે છે.